२४०८ શ્રી

લઘુજ્યોતિષ દર્પણ.

દોહરો.

જ્યોતિષિ વિદ્વાન જન, વેપારી વર નામ;
શકુની સકલ સુગૃહસ્થને, આ પુસ્તક અભિરામ. ૧

સર્વ સદ્ગૃહસ્થ, જ્યોતિષિયો અને વર્ષાદની શોધ-
કરનારાઓના સદા ઉપયોગને માટે

મિશ્ર દયારામ ગીરધરે

છપાવી પ્રસિદ્ધ કર્યો.

મુંબઈ: २७०६

ફોર્ટ પ્રીંટીંગ પ્રેસ.

સંવત્ ૧૯૪૧.

મૂલ્ય આના ૭.

પ્રસ્તાવના.

પ્રાચીન કાળમાં જ્યોતિષના કેટલાક ગ્રંથો સંસ્કૃત ભાષામાં રચાયલા છે, પરંતુ હાલ તે ભાષાનો પરીચય વધારે નહીં હોવાથી, કેટલાક લોકો તેની ખુબી બરાબર જાણતા નથી. એટલુંજ નહીં પણ કેટલાકને તો તેના સત્યાસત્યનો સંશય રહેછે. એવું ધારી મારી શક્તિમુજબ પ્રશ્ન સારસંગ્રહ, પ્રશ્નભૈરવ, પ્રશ્નકૌમુદી, કેરલ, પ્રશ્નવૈશ્નવ, વર્ષની રીતિ સારૂ તાજક, માસગર્ભ સારૂ મેઘમાળા, મેઘરાજ, શુકન સારસંગ્રહ, વસંતરાજ, રત્નમાળા, વગેરે ગ્રંથોમાંથી સાર કાઢી આ પુસ્તક ગુર્જર ભાષામાં બહાર પાડ્યું છે. કારણ આજ કાલ આ ભાષાનો ફેલાવો અતીશય જોવામાં આવેછે. આ પુસ્તક વિશે હું કાંઇ લખું તેને બદલે તેની પરીક્ષા સુજ્ઞ વાંચનારાઓનેજ સોપું છું.

આ મારો પ્રથમનો પ્રયત્ન છે. જેથી કોઇપણ રીતે ભાષા વગેરેનો દોષ હોય તો માફી બક્ષી ગુણનું ગૃહણ કરશો એવી આશા છે.

હજીપણ સજ્જનોનો આશ્રય હશે તો મારી શક્તિ મુજબ આ વિષયપર પુસ્તકો બહાર પાડતો જઇશ.

આ પુસ્તકમાં પછવાડે માસ માસની સંક્રાંતિપરથી ચાલતાં વર્ષના દરેક મહીનાના ભાવમાં તેજી મંદી ઉપર પ્રમાણે લખી જણાવી છે. કોઇ માસમાં તેજી અગર મંદી લખેલી હોય તેજ માસમાં આગળ અથવા પાછળ થોડો વખત તેથી વિરૂદ્ધ થાય તેપરથી તેમાં લખેલું ખોટું સમજવું નહીં. કારણ આખા મહીના લગી તેજી અથવા મંદી એકજ રહે નહીં. તે બે વખતે સુજ્ઞ લોકો તર્કશક્તિથી આગળ અથવા પાછળનો ખ્યાલ કરી સમજી લેવું.

अनुक्रमणिका.

विषय. | पृष्ठ.

२४०८

लघुज्योतिषदर्पण.

श्रीगणेशायनमः ॥ लम्बोदरंविघ्नविनाशनंच नत्वाभवानीतनयंगजास्यम् ॥ यस्यप्रसादेनसुराःसमस्तास्तिष्ठन्तिस्वेस्वेचपदेसदैव ॥ १ ॥

અર્થ.—લંબોદર એવા, વિઘ્નનાશકારક, ભવાનીના પુત્ર, ગજમુખ છે જેનું, જેની કૃપાથી સર્વ દેવતા પોતપોતાના પદમાં નિરંતર રહ્યા છે, તેને હું નમું છું. ॥ ૧ ॥

नारदसंहिता.

सिद्धान्तंसंहिताहोरारूपंस्कंधत्रयात्मकम् ।
वेदस्यनिर्मलंचक्षुर्ज्योतिश्शास्त्रमनूत्तमम् ॥

અર્થ.—સિદ્ધાંત, સંહિતા, અને હોરા, જેના ત્રણ સ્કંધ છે એવું વેદનું નિર્મલ ચક્ષુ, અત્યુત્તમ જ્યોતિશ્શાસ્ત્ર કહ્યું છે. ॥ ૨ ॥

अस्यशास्त्रस्यसंबंधो वेदांगमितिकथ्यते ।
अभिध्येयंचजगत शुभाशुभनिरूपणम् ॥

અર્થ.—આ શાસ્ત્ર સંબંધે કરિ વેદાંગ કહેવાય છે. જગતમાં શુભાશુભનું નિરૂપણ જ્યોતિષશાસ્ત્રથી છે. ॥ ૩ ॥

પ્રશ્ન પૂછનાર અને પ્રત્યૂત્તર દેનારનાં લક્ષણ. પૂછવાવાળાએ પવિત્ર થઇ. મનથી પવિત્ર લાગે તેવા બ્રાહ્મણને ઘેર જવું. માર્ગમાં અને અપવિત્ર જગાએ પ્રશ્ન કરવો નહીં, તેમ ફળ અને દ્રવ્ય યથાશક્તિ મુકી નમ્ર થઇ પ્રશ્ન કરવો. વક્તાને પણ પોતાનો ઇષ્ટદેવ સંભારી સ્થિર વૃત્તિથી પ્રશ્નનો ઉત્તર કહેવો.

લગ્ન વરતાય તેની રીત.

પ્રથમ ઈષ્ટ કરવું તે બહુ રીતથી થાય છે, પણ ઘડીયાલ અને ઘટિની રીતથી કહું છું. ૭ વાગે દિવસ ઉદય થાય અને નવ વાગે પૂછે તો કલાક ૧ ની ઘટી ૨॥ પ્રમાણે ઘટી કરવી. તેમાં સૂર્ય બદલ્યાથી ગયા દહાડા હોય તેટલા લગ્નપત્રાંમાં તે રાસીની લીંટીમાં દહાડા ગયા તેટલા અંક નીચે અંક હોય તે કલાકને હીસાબે આવેલી ઘટીમાં જોડીને લગ્નપત્રાંમાં જોવું. જે રાસીમાં તે અંક હોય તે લગ્ન અને ઉપર અંક હોય તે અંશ. તેજ રીતે ઘટી ઉપરથી કરવું. જે રાસીમાં રવી ઉદય થાય, તે રાસીનું પેહેલું લગ્ન, અને તેથી સાતમી રાસીમાં અસ્ત થાય તે સાંજનું લગ્ન. રાત્રીનું પણ એજ રીતે કરવું.

રાત્રીનાં નક્ષત્ર જોઇ ઇષ્ટથી લગ્ન કરવા વિષે.

મધ્ય નક્ષત્ર જે હોય તે દહાડે રવિ જે નક્ષત્રમાં વર્ત્તમાન હોય તેથી મધ્ય નક્ષત્ર સુધી ગણવું. જે અંક થાય તેમાંથી ૭ ઓછા કરવા. રહે તેને ૨૦ સે ગુણી અને તેનો ૯ થી ભાગ લેવો. જે જવાબ આવે તે ઘટી સમજવી. બાકી રહે તેને ૬૦ થી ગુણી અને નવે ભાગ લેવો. જે આવે તે પળ.

દિનમાન લાવવાની રીત.

કર્ક સંક્રાંતિથી મકર સંક્રાંતિ સુધી ૭ માસે એક અયન થાય છે. તેમજ મકરથી કર્ક લગણ ૭ માસે બીજું અયન થાય છે. દિવસનું દિનમાન કરવું હોય તો આ બે સંક્રાંતિમાંથી જે બેહેલી હોય, ત્યાંથી તે જે દિવસનું દિનમાન કરવું હોય ત્યાં સુધી દહાડાની સંખ્યા કરવી. તેને ત્રણથી ગુણવા. જે આવે તેમાં ૧૫૩૦ ઉમેરવા. થયેલા સરવાળાને ૬૦ નો ભાગ દેવો. શેષ રહે તે કર્કથી ગણ્યું હોય તો રાત્રમાન થાય, અને મકરથી ગણ્યું હોય તો દિનમાન થાય. આ સ્થૂલ મત છે. સ્પષ્ટ દિનમાન દેશોના ચરાંશકાથી થાય છે, તે ગ્રંથ વિસ્તારની બીકથી લખતો નથી.

પુછવાવાળા ને મારગનાં શુકન કહેવા વિષે.

મેષ લગ્નમાં પૂછવા આવેલ હોય તો કહેવું જે પ્રથમ ક્ષત્રી વર્ણનો પુરૂષ મળ્યો, અને અજ જાતનું જાનવર મળ્યું, અને એક ઠેકાણે ઉભો છે એમ કહેવું. ॥૧॥ વૃષ લગ્નમાં આવેલ હોય તો જાનવર બેલ અથવા ગાય સામી મળી, અને બે ઠેકાણે ઉભો, એમ કહેવું. ॥ ૨ ॥ મિથુન લગ્નમાં સારાં આભૂષણથી સ્ત્રી અને પુરૂષો મળ્યાં, પેહેલાં બાળકો મળ્યાં અને ત્રણ ઠામે ઉભો રહીને આવેલો છે એમ કહેવું ॥૩॥ કર્ક લગ્નમાં આવે તો એક ઠામે ઉભો અને પેહેલાં સ્ત્રી મળી એમ કહેવું. ॥૪॥ સિંહ લગ્નમાં આવે તો બે વિશ્રામ, પેહેલાં કુકડો, પુરૂષ અને માંજર મળ્યાં છે, એમ કહેવું. ॥૫॥ કન્યા લગ્ન હોય તો સ્ત્રી મળી અને બે ઠેકાણે ઉભો છે એમ કહેવું. ॥૬॥ તુલા લગ્ન હોય તો એક વિશ્રામ, ધોળાં વસ્ત્ર પહેરેલી સ્ત્રી અને પુરૂષ મળ્યો એમ કહેવું.॥૭॥વૃશ્ચિક લગ્ન હોય તો પેહેલી કપિલા ગાય મળી અને પછી પુરૂષ મળ્યો. અને બે વિશ્રામ કર્યા ॥૮॥ ધન લગ્ન હોય તો ત્રણ વિશ્રામ અને ઘણો સુંદર પુરૂષ મળ્યો એમ કહેવું.॥૯॥ મકર લગ્ન હોય તો પેહેલાં સ્ત્રી પછી બાલક તે પછી વિધવા સ્ત્રી મળી અને એક વિશ્રામ. ॥૧૦॥ કુંભ લગ્ન હોય તો પાણીનું પાત્ર હાથમાં એવી સ્ત્રી અથવા પુરૂષ મળ્યો. ॥૧૧॥ મીન લગ્ન હોય તો બે પુરૂષ મળ્યા અને ત્રણ વિશ્રામ. એ પ્રમાણે કહેવું. ॥૧૨॥ ઇતિ શકુન.

લગ્નોપરી ચિંતા જ્ઞાન.

મેષ લગ્નમાં પૂછનારનાં મનમાં મનુષ્યની ચિંતા કહેવી. વૃષ લગ્નમાં ચતુષ્પદાદિ ચિંતા, મિથુન લગ્નમાં સ્ત્રી અથવા ગર્ભચિંતા, કર્ક લગ્નમાં નાણું, લેવું દેવું, વેપાર સંબંધી ચિંતા. સિંહ લગ્નમાં રાજ્ય અથવા પિતા અને કર્મોદયાદિ ચિંતા. કન્યા લગ્નમાં સ્ત્રી ચિંતા. તુલામાં વેપારની ચિંતા. વૃશ્ચિક લગ્નમાં શત્રુ ભયાદિ ચિંતા. ધન અને મકરમાં યુદ્ધ અથવા કજીઓ જીતવો હારવો વગેર ચિંતા. કુંભ લગ્નમાં કર્મની ચિંતા. મીનલગ્નમાં બુદ્ધિથી સુઝાવું, હાની, લાભ ઇત્યાદિ ચિંતા.

ધાતુ, મુળ, જીવ-ચિંતાના ભેદ.

લંગ્નમાં રવી અને ભોમ, ચોથે, સાતમે અને દશમે હોય તો ધાતુ ચિંતા. એજ સ્થાને બુધ શનિ હોય તો મૂળ ચિંતા અને ચંદ્ર, ગુરૂ, શુક્ર હોય તો જીવ ચિંતા.

બીજી રીત.

પોતાનાં ઉપરનાં અંગનો સ્પર્શ કરી. પૂછે તો જીવ ચિંતા. મધ્ય અંગનો સ્પર્શ કરે તો ધાતુ ચિંતા. નીચેનાં અંગનો સ્પર્ષ કરે તો મૂળ ચિંતા.

ત્રીજી રીત.

પોતાની રાસીમાં ગૃહ હોય તો ચિંતા ભેદ, પોતાની રાસીનો રવી હોય તો રાજ, વેપાર, કર્માદિ ચિંતા. ચંદ્ર હોય તો જમીન, વાવ, તળાવની ચિંતા. ભોમ હોય તો અગ્નિ, શત્રુ, ભયાદિ ચિંતા. બુધ હોય તો ખેતર, વાડી વા દુષ્ટ ચિંતા. ગુરૂ હોય તો મિત્ર અને ધર્મ ચિંતા. શુક્ર હોય તો સુખ ક્યારે થશે તે ચિંતા. શનિ હોય તો ઘર, જમીન વા બીમાર મનુષ્યની ચિંતા.

૪ થી રીત.

પૂછનાર જે શબ્દ બોલે તે જેટલા અક્ષર થાય તેના બમણા કરી તેમાં એક ઉમેરવો. તેને ત્રણે ભાગવા. એક વધે તો જીવ ચિંતા, બે રહે તો ધાતુ ચિંતા અને ત્રણ રહે તો મૂળ ચિંતા.

૫ મી રીત.

આકાશમાં ઊંચી દૃષ્ટિ કરી પૂછે તો જીવ ચિંતા, નીચી દૃષ્ટિ કરી પૂછે તો મૂળ ચિંતા, અને સામું જોઇ પૂછે તો ધાતુ ચિંતા.

અંગ સ્પર્શથી શુભાશુભ.

મસ્તક, મુખ, નેત્ર અને કાન એમાંથી કોઇનો સ્પર્શ કરી પૂછે તો ધાન, વસ્ત્ર,સુવર્ણાદિનો લાભ થાય. કંઠ અને બે ખભાનો સ્પર્શ કરે તો કષ્ટથી કામ થાય. નાભી અને કુખએનો સ્પર્શ કરે તો દ્રવ્ય લાભ થાય. પગ અને ગોઠણનો સ્પર્શ કરે તો દુઃખ થાય, કમ્મર,

લિંગ અને વૃષણનો સ્પર્શ કરે તો સ્ત્રી લાભ અથવા મેલાપ થાય, કેશનો સ્પર્શ કરે તો કાર્યનો નાશ થાય અને દુઃખ પેદા થાય. ફળ પુષ્પાદિ સ્પર્શથી શુખ થાય. ઘાસ અને બળેલાં લાકડાંનો સ્પર્શ કરે તો કાર્ય સિદ્ધ ન થાય, ચિંતા અને દુઃખ વધારે થાય. ઇતિ ચિંતા ભેદ.

વર્ગોત્તમ લગ્નનું લક્ષણ.

પ્રશ્ન પૂછવા વખતે જે લગ્ન હોય અને તેનુંજ નવમાંશ હોય તો તે લગ્ન વર્ગોત્તમ કહેવાય છે. તેમાં કરેલો પ્રશ્ન શુભ થાય.

ઇતિ વર્ગોત્તમ લગ્ન.

એકજ વખતે ઘણા મનુષ્યો આવી પ્રશ્ન કરે, અથવા એકજ ધણી બહુ વાતો પુછે તેના જૂદા જૂદા જવાબ દેવા વિષે કહું છું.

ઉપરના સઘળા સવાલના ૧૪૪ ભેદ છે, તે સંક્ષેપથી કહું છું.

(૧) લગ્ન પરથી. (૨) ચોથાં ઘરથી. (૩) સાતમાં ઘરથી. (૪) દશમાં ઘરથી. (૫) પાંચમાં ઘરથી. (૬) આઠમાં ઘરથી. (૭) અગ્યારમાં ઘરથી. (૮) બીજાં ઘરથી. (૯) ત્રીજાં ઘરથી. (૧૦) છઠાં ઘરથી. (૧૧) નવમાં ઘરથી. (૧૨) બારમાં ઘરથી. (૧૩) મું પ્રશ્ન ધન ભવનને લગ્ન ઠેરાવી કહેવું. તે ઉપર લખી રીતથી કહેતા જવું. તે ૧૪૪ સુધી સરખા ચાલ્યા આવે છે.

બહુ પ્રશ્નની બીજી રીત.

૧ લગ્નથી. ૨ ચંદ્રમા જ્યાં પડયો હોય તે ઘરથી. ૩ જો રવી જે ઘરમાં પડયો હોય તેથી. ૪ ગુરૂ જે ઘરમાં પડયો હોય તેથી. ૫ બુધ અથવા શનિ જે બળવાન હોય તેથી. ૬ શનિ અને ગુરૂ બેમાં જે બળવાન હોય તેથી.

ત્રીજો ભેદ.

૧ લાં ઘરથી પેહેલો પ્રશ્ન. ૨ જાં ઘરથી બીજો પ્રશ્ન આવી રીતે પણ છે. આ પ્રશ્ન કૌમુદી અને પ્રશ્નભૈરવાદિ ગ્રંથોમાં છે.

ફળસાર શુભાશુભ ભેદ.

ઊંચના ગૃહ તેજસ્વી જાણવા. નીચના દીન જાણવા. મિત્ર ઘરના હોયતો હર્ષિત સમજવા. પોતાના ઘરના હોયતો સુખી સમજવા. શત્રુના ઘરના હોયતો સૂતેલા સમજવા. બળવાન ગૃહોની દૃષ્ટિથી દબાયલા હોય તો પીડિત જાણવા. નીચાભિલાષી હોય તો હીન જાણવા. અસ્ત હોય તો ચોર સમજવા. ઉચ્ચાભિલાષી હોય તો બહુ પરાક્રમી જાણવા. શુભ વર્ગમાં હોય તો પરાક્રમી સમજવા. તેનાં ફળ ગ્રંથોમાંથી જોઇ લેવાં.

બાર ઘરમાં જે જે જોવાય તે બાબત.

૧ લગ્નથી શરીરની આરોગ્યતા, સન્માન, ગુણ, આયુષ્ય વિચાર, રૂપ, વર્ણ, ચિન્હ વગેરે જોવાય. (૨) બીજા ભવનમાં મોતી, માણુક, ધાતુ, વસ્ત્ર, ધાન્યાદિની પ્રાપ્તિ, વેપાર અને કુટંબીયોનો કુશળ સમાગમ જોવાય. (૩) ત્રીજાં ઘરમાં પરાક્રમ, ભાઇ અને ખેતરાદિથી અનાદિની વૃદ્ધિ, સેવક, માતાની ચિંતા ઇત્યાદિ જોવાય. ૪ થાં ઘરમાં દેવા લેવાનું, પૃથ્વીમાં ધન રાખવાનું, ગુફા અને ભોંયરાંમાં જવાનું ઔષધ ગૃહણ કરવાનું, બાગ બગીચા નવા બનાવવાનું, મિત્રનું, વૃત કરવાનું, પુરૂષ પરસ્ત્રી ભોગવે તેનું, આવવા જવાનું, વાહનાદિકોનું, નવાં ઘરમાં પ્રવેશ કરવાનું, માતાનાં સુખનું, દેશાંતરનું, વગેરે જોવાય. ૫ માં ઘરમાં બુદ્ધિ, સંતાન, વિદ્યા, વેદાધ્યયન, પ્રયોગ, નમ્રતા, વાણી-વિસ્તારનું ન્યાય-બુદ્ધિ, મંત્રશાસ્ત્ર, ગર્ભસંભવ અને પ્રત્યક્ષ પુત્રાદિકોનો વિચાર ઇત્યાદિ જોવાય. ૬ ઠાં ઘરમાં રોગ, શત્રુ, ઘર અથવા ઝાડ પાડવાં, બારણાં, બારી, જાળીયાં વગેરે રાખવાં તે સારૂં વા માઠું, ક્રૂર કર્મ યુદ્ધ અને મોસાળપક્ષ, મહીષાદિ પશુની ચિંતા ઈત્યાદિ જોવાય. ૭ માં ઘરથી વસ્ત્રાદિકોની દુકાન નિમિત્ત વ્યાપાર, વાદ, વિવાદ, મૈથુન, જય, સ્ત્રી, પરાક્રમ, કાર્યસંબંધમાં દેશવિદેશ જાવું આવવું વગેરે જોવાય. ૮ માં ઘરમાં આયુષ્ય, વિરોધ, મૃત્યુ, દુઃખ, સંકટ માર્ગ, કિલ્લો, નાશ થયેલી વસ્તુ અથવા પદાર્થોનું, ચોરનું, સંગ્રામનું, બંધુના શત્રુનું વગેરે જોવાય. ૯ માં ઘરમાં શ્રદ્ધા, ધર્મ, વેદાધ્યાયન જપ, અનુષ્ઠાન અને

યજ્ઞાદિ, દીક્ષા, દેવ મંદિર, ચાકરી, ધર્મશાળા, ગુરૂભક્તિ, કૂપાદિક બંધાવવા, ભાઇબેન, અને સ્વશુરપક્ષ સંબંધી જોવાય. ૧૦માં ઘરમાં દેશાંતરથી પત્ર આવવો, જળપ્રવેશ, સ્થાનપ્રાપ્તી, સુખ દુઃખાદિ કામોનું, પુણ્ય કર્મનું, રાજ્યદરબાર સંબંધી કામનું, સાંભળેલી વાત સત્ય વા અસત્ય તેનું જોવાય. ૧૧ માં ઘરમાં કામ સિદ્ધ થાવાનું, હાથી, ઘોડા, પાલખી, શસ્ત્ર અને શ્રીયાદિનો લાભ થશે વા નહીં, તેનું, વિદ્યા, અને નષ્ટ થયેલું ધન, કન્યા, સુવર્ણાદિ, ધાતુ, શૂરપણું, સસરો, સાસુ, સાળાદિયોનું, લાભાલાભ, સુખ દુઃખ વગેરે જોવાય. ૧૨ માં ઘરમાં ભોગાદિકનો ત્યાગ કરવાનો વિચાર, કજીઆ, ટંટા, ખેતી ખેડવાનું, ખરચનું શુભાશુભ વગેરે જોવાય. ઇતિ બાર ભાવે અવલોકન પદાર્થ સંપૂર્ણ.

બારલગ્ન ઉપરથી દોષ નિર્માણ અને તેનાથી થતી પીડાની શાંતિ.

(૧)મેષ લગ્નમાં પૂછનારને કુળદેવીનો દોષ કહેવો, તેથી બીમાર માણસને પેટમાં અગ્નિના જેવી બળતરા, નેત્ર અને મસ્તકના આગળ ભાગમાં પીડા છે એમ કહેવું. જીર્ણ જ્વર અથવા કલેશ હોય, મંદાગ્નિ થતી હોય, અંગ બધાં તૂટતાં હોય અને વાયુથી પકડાઇ ગયાં હોય, તો ઉપર લખ્યો દોષ સમજવો. તેની શાંતિ. કુળદેવીની પૂજા કરવી અને બ્રાહ્મણોને જમાડવા તેથી શાંતિ થાયછે. ૨ વૃષ લગ્નમાં અંતરગૃહનો દોષ. તેથી મુખ કંઠ તથા બધાં અંગમાં પીડા, જળની તૃષા, અને અંગમાં દાહ હોયછે. તેની શાંતિ. પિતૃનું તર્પણ કરવું, તિલના પિંડનું દાન કરવું. (૩)મિથુન લગ્નમાં છિદ્રદોષ. પાણીના આરાપરથી થયેલો અને બહુ કઠણ ઝપાટમાં આવેલોછે એમ કહેવું. અનેતે પશ્ચિમ દિશાથી થયો છે. તેની શાંતિ. કૂતરાંઓને અન્ન આપવું. તથા ક્ષેત્રપાળની પૂજા કરવી. તેથી કષ્ટ મટશે. (૪) કર્કલગ્નમાં શાકિનીઆદિ દોષ. તેથી બીમાર મનુષ્યને કોઇ વખતે રોવું તથા કોઇ વખતે હસવું આવે, તરત સંતાન ન થાય, તેની શાંતિ, સુગંધયુક્ત તાંબૂલ દાન કરવું, ગુગળનો હોમ કરવો, બલિદાન કરવું, બ્રાહ્મણોની પૂજા કરવી તેથી સુખ તથા શાંતિ વળેછે.(૫) સિંહ લ-

ગ્નમાં પ્રેતછાયા તેથી પોતે મલીન રહે બુદ્ધિ સાધારણ ચિત્તભરમ, શરીરમાં બળતરા અથવા અર્ધાંગવાયૂના જેવું મહાકષ્ટ પેદા થયું છે એમ કહેવું. તેની શાંતિ દર્ભ અને જલવડે પવિત્રતાથી બ્રાહ્મણદ્વારા માર્જન કરાવવું કુમારિકાઓને જમાડવી. તિલ પિંડ દાન અને તર્પણ કરવું તેથી શાંતિ થાયછે.(૬)કન્યા લગ્નમાં દૃષ્ટભાવ છે એમ કહેવું. તેનાં લક્ષણ.—સર્વઅંગમાં પીડા બહુ થાય, તેની શાંતિ.—બ્રાહ્મણોને જમાડવા ગાયદાન કરવું.(૭)તુલા લગ્નમાં પિતૃદોષ છે એમ કહેવું. તેનાં લક્ષણ.—વાત પિત અને શ્લેષ્માદિ પીડા, તાવ આવે, અને અંગ તૂટે તેની શાંતિ. પિતૃ નિમિત્ત દાનાદિથી થાય. (૮) વૃશ્ચિક લગ્નમાં અપવિત્રપણાથી દેવી દોષ છે. તેનાં લક્ષણ—અતિસારાદિ મહારોગ, બહુ કલેશ મસ્તકમાં પીડા, રક્તનો નાશ જીર્ણજ્વર. તેની શાંતિ.—સપ્તસતીના પ્રયોગથી થાયછે.

(૯)ધન લગ્નમાં પ્રેતાદિ દોષ તેનાં લક્ષણ.—ઉદરમાં પીડા, કંઠમાં રોગ, બધાં અંગ દૂખે, તૃષા બહુ લાગે. તેની શાંતિ.—દેવીમંદિરમાં ઘૃતના ૬ દીવા કરવા, શર્કરાદિ નૈવેદ્ય તાંબુલ દક્ષણા સહિત પૂજા કરવી. તેમજ મકરમાં, કુંભ લગ્નમાં, દુષ્ટ અપવિત્રતાથી દોષ તેનાં લક્ષણ, મસ્તક પેટ કમર છાતીમાં પીડા, તેની શાંતિ દાનાદિકોથી થાયછે. (૧૨) મીન લગ્નમાં વનાન્તરથી દોષ તેનાં લક્ષણ.—હાથ પગમાં પીડા, તેની શાંતિ દેવભક્તિ અને પીપળાની પૂજાથી થાય છે. ઇતિ બાર લગ્નપરથી થતા દોષ નિર્માણ અને શાંતિ સંપૂર્ણ.

હવે પૂછનારે લાવેલી જન્મપત્રી જીવતાની છે વા મૃત્ય પામેલાની, સ્ત્રીની વા પુરૂષની છે, તે જાણવાના ભેદ.

જન્મલગ્નનો જે અંક હોય, તથા તેના આઠમા ભવનનો અંક તે વખતે જે લગ્નમાં હોય તેનો અંક, તેના પણ આઠમા ભવનનો સ્વામી અને નવમા ભવનનો સ્વામી જે ભવનમાં હોય, તેનો અંક એ બધાને એકત્ર કરી, લગ્નાદિ પતિ જે ભાવમાં હોય તે અંકથી ભાગ લેવો એક રહે તો જીવતની જન્મપત્રી છે અને બે રહે તો મરેલાંની સમજવી. લગ્ન અંક તેથી રવી જે અંકમાં હોય તે

અને રાહુ જે અંકમાં હોય, તે સઘળા ભેળા કરવા અને ત્રણથી ભાગવા. ૧ રહેતો સ્ત્રીની અને બે રહે તો પુરૂષની અથવા સ્ત્રી સ્વભાવવાળા પુરૂષની પત્રિકા સમજવી.

કામ સિદ્ધ થવા ન થવા વિશે.

પૂછનારનાં મોઢાંમાંથી નીકળેલા અક્ષરને છએ ગુણવા. તેમાં આઠ ઉમેરવા પછી નવે ભાગવા તેમાંથી બાકી રહે તે, ૧ રવી, ૨ ચંદ્ર, ૩ ભોમ એમ કેતુ સુધી ગણવા. જે આવે તેનું ફળ.—આદિત્ય ૧ આવે તો કામ ન થાય, ૨ બે આવે તો થાય,૩ત્રણ આવે તો મરણ જેવું વિઘ્ન થાય, ચાર આવેથી સુખ અને આનંદથી કામ થાય. તેમ ગુરૂ શુક્ર ૫ વા ૬ બચે તો પણ કામ થાય. ૭ સાત, ૮ આઠ વા ૯ નવ બચે તો કામ ન થાય એમ સમજવું.

હવે કામ કયારે થશે તે વિશે.

ઉપરના અંકમાં રવીવાર આવે તો ૧ માસે, સોમવાર આવે તો ૨૦ દહાડામાં, ભોમવાર આવે તો ૩ અથવા ૪ દહાડામાં, બુધ આવે તો ૭ દહાડામાં, ગુરૂ, શુક્ર, શનિ અને રાહુ આવે તો વર્ષની અવધિએ સિદ્ધ થાય.

પોતાનું ચાલતું વર્ષ કેવું થશે એવો પ્રશ્ન કોઈ કરે તો તે વિશે.

પૂછવા આવે તે દહાડાની તિથિ—અંકવાર અંક, નક્ષત્રાંક, યોગાંક ભેગાં કરી તેમાં ચાલતા સંવત્સરનો અંક ઉમેરવો, પછી પૂછનારના નામના અક્ષર જેટલા થાય તે ઉમેરવા. બધા એકત્ર કરી ત્રણે ભાગવા. પછી ૧ બચે તો વર્ષ સારૂં નહીં થાય, બે અને ત્રણ બચે તો સારૂં અને ધનાદિકનો લાભ થાય.

રોગી બચશે વા નહીં બચે તે વિશે.

તિથિ અને તિથિ ઘટીને બમણા કરી, ચાર ઉમેરવા પછી ત્રણે ભાગ લેવો. ૧ બચે તો બિમારી લાંબી ભોગવશે. ૨ બચે તો તરતમાં સારૂં થશે અને શૂન્ય બચે તો તરત મરશે એમ સમજવું.

સંતાન થશે વા નહીં તે વિશે.

પૂછવા આવે તે દહાડાની તિથિની સંખ્યા ચોગણી કરવી તે પછી વાર અને યોગના અંક ઉમેરવા તેના સર્વાળાને બેથી ભાગ દેવો. જે બચે તેને ત્રણે ગુણવા. તેમાંથી ૪ બાદ કરવા બાકી ૧ બચે તો વિલંબથી થશે, બે રહેતો નહીં થાય, ત્રણ વા ચાર બચે તો તરત થશે.

ગર્ભવતીને પુત્ર વા પુત્રી જન્મશે તે વિશે.

તિથિ, વાર, નક્ષત્ર અને પૂછનારના નામ અક્ષર એ બધા અંક ભેગા કરવા. તેમાં ત્રણ ઉમેરવા, પછી ત્રણે ભાગવા. ૧ બચે તો પુત્ર પ્રાપ્તી અને બે રહે તો કન્યા, ત્રણ હોય તો ગર્ભપાત કરે.

બહાર ગામ જવું થશે વા નહીં તે વિશે.

તિથિ, વાર, નક્ષત્ર અને યોગના અંકમાં ત્રણ ઉમેરવા પછી બધાને બમણા કરી ત્રણે ભાગવા. એક બચે તો વિદેશ જવાશે. બે બચે તો વિલંબથી જવાશે, અને શૂન્ય બચે તો ન જવાય. ઇતિ પ્રશ્ન.

વરસ બેસાડવાનો ખુલાસો.

જેનું વર્ષ બેસાડવું હોય તેના જન્મનો શક ચાલતા વર્તમાન શકમાંથી કાહાડી નાંખવો. બાકી રહે તે ગયાં વર્ષો થયાં, તેને ૧૦૦૭ એક હજાર સાતથી ગુણવા. જે અંક થાય તેને ૮૦૦ આઠસોથી ભાગવા. ભાગના અંક જે આવે તે જુદી રીતે માંડવા. બચેલા અંકને ૬૦ કે ગુણી તેને ૮૦૦ થી ભાગવા. ભાગનો અંક પેહેલે લખેલા અંકની નીચે મુકવો. વળી રહેલા અંકને ૬૦ થી ગુણવા તેને વળી ૮૦૦ ભાગવા. તેના ભાગનો અંક પણ ઉપર પ્રમાણે તેને નીચે મૂકવો. બચેલા અંક હોય તો ફરીથી ૬૦ કે ગુણવા અને ૮૦૦ થી ભાગવા. એમ જ્યાં સુધી ભાગ રહે ત્યાં સુધી કરવું. ભાગના અંકમાં જન્મનો વાર, જ-

ન્મના વખતની ઘટી અને પળ ઉમેરવાં. ઉપરના અંકમાં વારનો અંક ઉમેરવો. અને નીચે ઘટી પળ ઉમેરવાં ઉપરનો અંક ૭ થી વધારે આવે તો ૭ થી ભાગી નાંખવો.

ઉદાહરણ.

જન્મ શક ૧૭૮૨ વર્તમાન શક ૧૮૦૭ માંથી બાદ કર્યા. બાકી રહ્યા ૨૫. એટલે ૨૫ વર્ષ પૂરાં થઇ ૨૬ મું બેઠું એમ સમજવું. પછી પચીશને ૧૦૦૭ થી ગુણ્યા તો ૨૫૧૭૫ થયા. તેને ૮૦૦ થી ભાગ્યા તો પ્રથમ આઠતેરી (૨૪) નો ભાગ. તે ત્રણ બાજુ રાખ્યા. બાકી રહ્યા ૧૧૭૫ તેને ભાગઆપતાં ૧ નો ચાલ્યો માટે તે ૧ પણ બાજુ રાખ્યો. તે બે મળી ૩૧ થયા. બાકી ૩૭૫ રહ્યા તેને ૬૦ ઠે ગુણ્યા તો ૨૨૫૦૦ થયા, તેને વળી તેમજ ૮૦૦ થી ભાગ્યા તો બેઆઠાં સોળ બેનો ભાગ ચાલ્યો, તે ૨ ત્રણની નીચે મૂક્યા. બાકી રહ્યા ૬૫૦૦ તેને ૮૦૦ થી ભાગતાં ૮ નો ભાગ ચાલ્યો તે ૮) ૧ નીચે મુંક્યા. તો (૨૮)થયા બાકી રહ્યા ૧૦૦ તેને ૬૦ થી ગુણ્યા તો ૬૦૦૦ થયા તેને વળી ૮૦૦ થી ભાગ આપ્યો, તો સાતનો ભાગ ચાલ્યો તે સાત ૨૮ નીચે મૂક્યા. બાકી રહ્યા ૪૦૦ તેને વળી ૬૦ ઠે ગુણ્યા તો ૨૪૦૦૦ તેને ૮૦૦ થી ભાગતાં ત્રણનો ભાગ ચાલ્યો. તે ત્રણ ૭ નીચે મૂક્યા બાકી નીચે કાંઇ નહીં રહ્યું. ભાગ ન થવાથી ત્રણને જોડે શૂન્ય મૂક્યું. હવે બધા મળી આગળ લખ્યા પ્રમાણે થયું. તેમાં ઉપરના અંકમાં જન્મનો વાર મંગલવાર, તેના અંક ત્રણ જન્મ વખતની ઘટી ૧૧ પળ ૪૦ તે ૩૧ ૨૮ ૭ અને ૩૦ માં ભેળવ્યા. ૩૧માં વારના ૩ મળ્યા તો ૩૪ થયા. ઘટી ૨૮ માં ૧૧ મળ્યા તો ૩૯ થયા. પળ ૭ માં ૪૦ મળ્યા તો ૪૭ થયા અને ૩૦ ના ૩૦ રહ્યા. ઉપરના અંકને ૭ નો ભાગ લીધો તો સાતચોક અઠાવીસ બાકી ૬ રહ્યા. એટલે શુક્રવાર ૩૯ ઘટી ૪૭ પળ અને ૩૦ અક્ષર થયા. તેનું લગ્ન આગળ લખી રીત પ્રમાણે કરવું. જન્મની સંક્રાંતિના અંશ ૨૬ ને દહાડે શુક્રવાર ૩૯ ઘટી ૪૦ પળ ૩૦ અક્ષરના સમયમાં (૨૬) મું વર્ષ બેઠું. ઇતિ વર્ષ પ્રવેશ.

એક માસમાં પાંચવારનું ફળ.

રવી પાંચ હોય તો બહુ રોગ પેદા કરે. મંગળ હોય તો અગ્નીનો ભય અને ગરમી બહુ કરે, શની હોય તો રસાદિકો મોંઘાં કરે, બાકીના વાર સઘળા શુભ સમજવા. ઇતિમાસ પંચવાર ફળ.

સંક્રાંતિવારનું ફળ.

મેષ સંક્રાંતિ રવીવારે હોય તો દુકાળ કરે, સોમવારે હોય તો ધોળી વસ્તુ મોંઘી કરે, મંગળવારે ધાન મોંઘું કરે, બુધવારે સાકર મોંઘી કરે, ગુરૂવારે સુખકરે તથા શુક્રવારે પણ તેમજ, શનિવારે બહુ ભય. વૃષ સંક્રાંતિ રવીવારે આવે તો ધાન્યાદિક સમ રહે. સોમવારે સુખકરે મંગળવારે પ્રજાને પીડા,બુધવારે પ્રજા સુખી, ગુરૂ અને શુક્રવારે ઘણું સુખ કરે અને શનિવારે હોય તો પ્રજામાં રોગ ઉપજાવે. મિથુન સંક્રાંતિ રવીવારે હોય તો રોગ પેદા કરે, સોમવારે સુખ કરે, મંગળવારે ભય, બુધવારે વેપાર વૃદ્ધિ, ગુરૂવારે રસાદિક સારાં થાય, શુક્રવારે સુખાકારી, શનિવારે પ્રજાને પીડા થાય.

કર્ક સંક્રાંતિ રવિવારે હોય તો ધાન્ય માત્ર, અને ધાતુ માત્રનો નાશ કરે, સોમવારે રસાદિક બહુ થાય, મંગળવારે કષ્ટાદિક પેદા થાય, બુધ ગુરૂ અને શુક્રે સારૂં ફળ કરે અને શનિવારે રોગ કરે.

સિંહસંક્રાંતિ રવીવારે હોય તો ધાન્ય મોંઘું થાય,સોમવારે સુખ મંગળવારે વર્ષાદ ન થાય, બુધવારે ઘાસનો નાશ કરે અને ગુરૂ શુક્ર સારા અને શનિવારે પીડા થાય.

કન્યા સંક્રાંતિ રવીવારે હોય તો પીડા કરે, સોમવારે સુખ થાય, ભોમવારે અગ્નિ ભય, બુધ, ગુરૂ, શુક્ર સારા. શનિવારે પીડા કરે.

તુલા સંક્રાંતિને દહાડે રવી, ભોમ અને શનીવાર હોય તો બહુ પ્રકારના રોગ થાય અને ધાન્યાદિકોનો નાશ કરે, બુધ, ગુરૂ, શુક્ર, અને સોમવારે સુખ થાય.

વૃશ્ચિક સંક્રાંતિ રવી, ભોમ, શનીવારી હોય તો પીડાકરે, ધાન્યાદિકોનો નાશ અને યુદ્ધાદિકોનો ભય પેદા કરે. સોમ, ગુરૂ, બુધ, અને શુક્રવારે હોય તો સુખ થાય.

ધન સંક્રાંતિ રવીવારે હોય તો ધાન્યાદિકોનો નાશ કરે, સોમવારે હોય તો પીડા કરે, મંગળવારે ભૂકંપાદિ, અગ્નિ ભયાદિ ભય ઉપજાવે. બુધ,ગુરૂ અને શુક્ર સુખાકારી,શનિ રોગાદિકોનો ભય ઉપજાવે.

મકર સંક્રાંતિ રવિ, શનિ તથા ભોમવારી હોય તો રોગાદિકોનો ઉપદ્રવ અથવા યુદ્ધાદિકોનો ભય ઉપજાવે. સોમ, બુધ, ગુરૂ અને શુક્ર સુખાકારી થાય.

કુંભ સંક્રાંતિ રવી, ભોમ, શનિવારે હોય તો પીડા અને દુઃખકરે. સોમ, બુધ, ગુરૂ, અને શુક્રવારે હોય તો સુખ થાય.

મીન સંક્રાંતિ રવી, ભોમ અને શનિવારી હોય તો દુઃખ ઉપજાવે. સોમ, બુધ, ગુરૂ, અને શુક્રવારે હોય તો સુખ થાય.

ઇતિ સંક્રાંતિ વારફલં.

બાર માસનાં કાર્તિકાદિ ગર્ભ લક્ષણ.

કાર્તિક શુદિ ૧ વા બીજ રવીવારે આવે તો આવતું વર્ષ ઠંડું થાય. કાર્તિક શુદ ૭ થી ૮ દહાડા સુધી સૂર્યને વાડ હોય તો પુંછડીઓ તારો ઉગે, તેથી ધાન્યાદિકોનો નાશ થાય. શુદ ૧ વા ૨ ને દહાડે ચંદ્રમા રાતા રંગનો હોય અને રાતા રંગનાં વાદળાંથી યુક્ત હોય તો આવતે વર્ષે દુકાળ થાય. ચંદ્રને દહાડે સોમવાર હોય, અને આકાશ સ્વચ્છ હોય તો આવતું વર્ષ સુકાળ થાય. વિદ ૧ થી ૭ દહાડા આકાશ સ્વચ્છ હોય, અને વિદ ૮ થી વિદ ૩૦ સુધી છાયા હોય તો આવતા અષાઢના પેહેલા ૩ દહાડા વર્ષાદ વરસે. ઇતિ કાર્તિક.

માર્ગશીર્ષ.

માર્ગશીર્ષ શુદ ૫ થી ૧૨ સુધી ઉત્તરનો વાયુ હોય તો આવતો આષાડ વર્ષાદ વગરનો જાય. શુદ ૧૩ થી વિદ ૬ સુધી પશ્ચિમનો વાયુ હોય તો ભાદરવામાં પેહેલાં ૮ દહાડા વર્ષાદની ઝડી થાય. વિદ ૭ થી ૧૦ સુધી પૂર્વનો વાયુ હોય તો આવતે વર્ષે દુકાળ થાય તેમાં સંશય નહીં. વિદ ૧૧ થી તે વિદ ૩૦ સુધી હીમ પડે તો આવતા જેઠ શુદ ૧૪ થી વિદ ૧૪ સુધી વર્ષાદ પડે. ઇતિ માર્ગશીર્ષ.

પૌષ.

પૌષ શુદ ૧ થી ૬ સુધી આકાશમાં ગર્જના થાય, વીજના ચલકારા થાય, વાદળાંનો ઘોળ હોય તો આવતા ભાદરવાના ૨૭ દિવસ લગી વર્ષાદ ન થાય. શુદ ૭ થી ૧૫ સુધી હીમ પડે, પશ્ચિમનો વાયુ હોય તો જ્યેષ્ઠ શુદી ૭ થી ૭ દહાડા સુધી વર્ષાદ વરશે. પૌષ વિદ ૧ વા ૭ વા ૧૨ એ દહાડામાં હીમ ન પડે અને વીજળી થાય, ગર્જના થાય તો વર્ષાઋતુમાં વર્ષાદ અતીશય થાય. ઇતિ પૌષ.

માઘમાસ.

માઘ શુદ ૫ ને દહાડે રવીને વાડ હોય તથા વાદળાં, વીજ ગગનમાં હોય તો આવતા જેઠ વિદ ૧૧ થી ૧૧ દહાડા વર્ષાદની ઝડી થાય. શુદ ૭ થી ૧૨ સુધી દક્ષિણનો વાયુ હોય તો આષાઢ આખો વર્ષે નહીં. વિદ ૫ ને દહાડે વાદળાં હોય અને છાંટા પડે તો આષાડ આખો વર્ષે. વિદ ૭ થી ૩૦ સુધી ગાજ વીજ થાય અને વાદળાં હોય અથવા હીમ પડે તો આવતું વર્ષ સુગાળ થાય. માઘમાસમાં હીમ બહુ પડે તો આવતું વર્ષ સારૂં થાય. ઇતિ માઘ.

ફાલ્ગુન.

ફાલ્ગુન શુદ૧૫ ને દહાડે રાત્ર અને દિવસ વાદળાં ન હોય તો સારૂં. તે દહાડે ઝાકળ પડે તો બહુ સારી. હોળી પ્રગટયા સમે વાયુ જોવો. પૂર્વ અને ઇશાનનો વાયુ ભેળો અથવા જુદો હોય તો આવતું વર્ષ સારૂં થાય. વાયવ્ય કોણ અથવા પશ્ચિમનો વાયુ હોય તો આવતાં વર્ષમાં વર્ષાદ બહુ થાય, પણ વર્ષ સાધારણ થાય. નૈઋત્ય અથવા દક્ષિણનો વાયુ હોય તો આવતા વર્ષમાં દુકાળ પડે. તે વખતે ચારે દિશાનો વાયુ હોયતો આવતાં વર્ષમાં પ્રલય જેવા ઉપદ્રવ્ય કરે. તેવીજ રીતે અગ્નિકોણ પણ તેમજ કરે. ઇતિ ફાલ્ગુન.

ચૈત્ર માસ.

ચૈત્ર વદ ૩૦ રવી ભોમ અને શનીવારે આવે તો આગળના સારા યોગ વણસી ગયા અથવા બગડી ગયા એમ સમજવું. ચૈત્ર શુદ ૧૫ ને દહાડે ગૃહણ થાય તો સારૂં નહીં. તે દહાડે છાંટા પડે તો છત્ર ભંગ થાય. કચ્છ સૌરાષ્ટ્રમાં વર્ષાદ થોડો થાય. વદ ૮ વા ૧૪ નો દક્ષિણ વાયુ જેટલો હોય તેટલોજ વર્ષા ઋતુમાં વર્ષા થાય. ઇતિ ચૈત્ર.

વૈશાખ.

વૈશાખ શુદ ૧૫ વાદળાં વગરની સારી. તે દહાડે રવી અને ચંદ્રને વાડ હોય અને ગૃહણ હોય તો ધાન્યાદિનો બમણો ભાવ કરે. વદ ૮ વા ૧૪ નો આકાશમાં વાદળાંનો ઘોળ હોય તે જોવો. ઘોળ વધારે હોય તો વર્ષાદ વધારે થાય, સ્વચ્છ હોય તો ન થાય. થોડાં વાદળાં હોય તો થોડો થાય. ઇતિ વૈશાખ.

જયેષ્ઠ.

જયેષ્ઠ વદ ૧ રવીવારે હોય તો આખું વર્ષ વાયુ લાગે. વદ ૩૦ રવી ભોમ અને શનીવારે હોય તો તે વર્ષમાં યુદ્ધાદિકો બહુ થાય. પ્રજામાં મૃત્યુ ફેલાય. જયેષ્ઠ શુદ ૧૫ નું મૂળ નક્ષત્ર હોય તે દહાડે થોડા છાંટા પડે તો બહુ સારૂં. એ બેઉ યોગમાંનો એકપણ ન હોય તો વર્ષાદની તાણ સમજવી. માઘ માસમાં ટાઢ ન હોય અને જયેષ્ઠમાં ઉષ્ણતા ન હોય, આર્દ્રા નક્ષત્રમાં વર્ષાદ ન પડે તો અવશ્ય દુકાળ સમજવો. ઇતિ જયેષ્ઠ માસ.

આષાઢ.

આષાઢ શુદ ૧૫ ને દહાડે આકાશ ચોખું હોય તો સારૂં નહીં. વાયવ્ય કોણનો વાયુ સારો નહીં. તેમ પશ્ચિમનો પણ નહીં. તે દહાડે ઇંદ્ર ધનુષ્ય દેખાય તો દુકાળ પડે. શુદ ૧૫ નો અથવા અંધારી ૩૦ નો પૂર્વનો વાયુ સારો. અગ્નિનો હોય તો તે વર્ષમાં ટીડ આવે. દક્ષિણ વાયુ હોય તો દુકાળ થાય. પશ્ચિમનો વાયુ મધ્યમ ફળ કરે, નૈરૂત્યનો વાયુ હોય તો પાકનાં મૂળમાં

કીટાદિકનો ઉપદ્રવ્ય કરે. વાયવ્ય કોણ અથવા ઉત્તરનો વાયુ લાગે તો સારો. ચારે દિશાનો વાયૂ હોય તો અતી સારો. શુદ ૮ ને દહાડે ચંદ્ર વાદળાંમાં દેખાય અને રવી અસ્ત સમય છાંટા પડે તો વર્ષાદ ઘણો થાય. વર્ષ સારૂં થાય. શુદ ૯ ને દહાડે સૂર્ય ચોખો અને વાદળાં રહિત દેખાય. તો શુદ ૧૧ થી વિદ ૨ સુધી દરરોજ સાંજનો વર્ષાદ પડે. ઇતિ આષાઢ.

શ્રાવણ.

શ્રાવણ શુદ ૫ ને દહાડે ગાજવીજ થાય અને વર્ષે તો સારૂં નહીં. ઇતિ શ્રાવણ.

ભાદ્રપદ.

ભાદ્રપદની પુનમને દહાડે વાદળાં હોય તો પાછળ ધાન્યાદિકની તેજીની આશા રાખવી નહી. ઇતિ ભાદ્રપદ.

આશ્વિન માસ.

આશ્વિન શુદ ૧૫ ચોખી હોય તો સારી. ધોળ અને વાદળાં હોય તો સારૂં નહીં. વિદ ૩૦ રવી ભોમ અને શનીવારે હોય તો રોગાદિકનો ઉપદ્રવ કરે. ઇતિ બારેમાસનાં ગર્ભ લક્ષણ.

ચંદ્ર વિચાર.

શુદ ૨ ને દહાડે ચંદ્ર સમતુલ્ય હોય તો સારો. દક્ષિણ દિશામાં ઊંચો હોય તો સારો નહીં. ઉત્તરમાં ઊંચો હોય તો સારો, રાતારંગનો હોય તો રોગ પેદાકરે. સફેદરંગનો હોય તો સફેદ વસ્તુ માત્ર મોંઘી કરે. ધુમ્રવર્ણનો હોય તો બહુ રોગ અને પીડા કરે. પીત વર્ણનો હોય તો સારો સમજવો. ઇતિ ચંદ્ર વિચાર.

મેઘ વિચાર.

વર્ષાઋતુમાં જે દહાડે દિવસ ઊગતાં ગરમી કરે અને સાંજે વાયુ ખૂલો વાયતો વર્ષાદ પડે નહીં. આખો દહાડો વાયુ હોય અને સાંજે એક પોહોર વાયુ બંધ રહેતો તે વખતે વર્ષાદ થાય.

વર્ષાદના દહાડામાં વર્ષાદ ખેંચી જાય તે વખતે કોઇ પણ દહાડે ગરૂવારે સાંજે ઝાડ ઉપર બેઠેલી કોયલ બોલતી દેખાય તો દિવસ ઉગ્યા પહેલાં વર્ષાદ થાય. રવીવારને દહાડે ગરમી કરે અને પશ્ચિમમાં મંદ મંદ વાયુ વાયતો બપોરના વખતે પશ્ચિમ-દિશાથી તિત્તર પક્ષિના રંગ જેવી વાદળી નીકળે તે મધ્યાન્હ-ના અંદર માસ ૨ નું પાણી આપે. સોમવારે સવારે ઉત્તરનો વાયુ લાગે તો ઘડી બેમાં વર્ષાદ થાય. તે દહાડે સાંજે ઇસાનમાં વીજ થાય અને ઉતરનો વાયૂ લાગે તો મનુષ્યો જોતાં હોય તેટલાંમાં પાણી વહી નીકળે. ભોમવારે બહુ તપે, બપોરે દક્ષિણ અને અગ્નિકોણનો વાયૂ હોય તો દિવસ અસ્ત સમયમાં વર્ષાદ પડે. બુધવારની સવારે પશ્ચિમનો વાયૂ હોય અને ગઇ રાત્રે તારા દેખાયા હોય તો સાંજના વખતે ઉતર દિશામાં વાયુ નીકળી ધૂવાડાના જેવો ફેલાવ કરી એક નાની વાદળીથી ચાર માસનું પાણી પડે. ગુરૂવારે સાંજ સુધી એક દિશાનો વાયૂ હોય તો મધ્ય રાત્રે વર્ષે. સુક્રવારે સૂર્ય જોસથી પ્રકાશે અને પવન બંધ થાય, સવારે દક્ષિણમાં ઘોળ હોય તો મધ્યાન્હ સમયે વર્ષે. શનિવારે ચારે દિશાનો વાયુ નીકળે, ધૂળ ઉડયા કરે અને સાંજનો ઉતરનો વાયૂ નીકળે તો મધ્ય રાત્રી પેહેલાં વર્ષાદ થાય ઇતિ મેઘ વિચાર.

હવે તાંત્રોક્ત શુકન.

રવીવારને દહાડે રાત્રના પાછલા પહોરે દિવસ ઉદય થયા પહેલાં ચંડાળનાં ઘર પછવાડે જૈ ઉભવું તે જ વાણી બોલે તે પ્રમાણે સત્ય થાય.

ઉદાહરણ.

એક પુરૂષે ધાર્યું કે મારી બે સ્ત્રી છે, તે બેઉ બીમાર છે, તે મરશે વા બચશે તેની ખાત્રી કરવા પાછલે પોહોરે ચંડાળને ઘેર ગયો. પછવાડે ઉભો જેટલામાં તેની છોકરી બોલી કે બાપા આપણી બકરીનાં બે બચ્ચાં છે. તે કાલથી ધાવતાં નથી. તેમાં એક તો સાંજ અથવા સવારેજ મરી જશે એમ લાગે છે અને એક બચશે. એવું સાંભળી પેલો પુરૂષ ઘેર ચાલી આવ્યો. તેજ સાંજે એક સ્ત્રી મરી ગઇ. ઇતિ ઉદાહરણ.

સોમવારે પહેલી રીતે હજામને ઘેર જવું, ભોમવારે ધોબીને ઘેર, બુધવારે જૈન મંદિર પછવાડે, ગુરૂવારે બ્રાહ્મણને ઘેર, શુક્ર-વારે વેશ્યાને ઘેર અને શનીવારને દહાડે દાસીને ઘેર જવું.

ઇતિ તાન્ત્રોક્ત શુકન.

સત્યરૂપ શુકનાવળી.

ओं ૧	श्रीं ૨	ह्रीं ૩	अं ૪	आं ૫	हं ૬	ईं ૭
ङं ૨૪	चं ૨૫	छं ૨૬	जं ૨૭	झं ૨૮	ञं ૨૯	उं ૮
घं ૨૩	पं ૪૦	फं ૪૧	૪૨ बं / ૪૩ भं	सं ૪૪	टं ૩૦	ऊं ૯
गं ૨૨	नं ૩૯	૫૨ हं / ૫૧ सं	૫૩ ळं / ૫૪ क्षं	૪૫ यं / ૪૬ रं	ठं ૩૧	ऋं ૧૦
खं ૨૧	घं ૩૮	बं ૫૦	૪૯ शं / ૪૮ बं	लं ૪૭	डं ૩૨	ॠं ૧૧
कं ૨૦	दं ૩૭	थं ૩૬	तं ૩૫	णं ૩૪	ढं ૩૩	ऌं ૧૨
अः ૧૯	अं ૧૮	औं ૧૭	ओं ૧૬	ऐं ૧૫	एं ૧૪	ॡं ૧૩

આ શુકનાવળી જોવાની રીત એ છે કે પવિત્ર થઈ દેવ ધર્મ સંભારી કાર્ય ધારી લખેલા અક્ષરમાંથી એક અક્ષરનું ચિંતવન કરવું. તેનું ફળ શુભ વા અશુભ આવશે. તે સત્ય સમજવું.

ओं શુભ ૧, श्रीं કાર્યસિદ્ધિ ૨, ह्रीं શુભ ૩, अं વિજય ૪, आं અશુભ ૫, इं ઐશ્વર્ય ૬, ईं શુભ ૭, उं અશુભ ૮, ऊं સ્થાન લાભ ૯, ऋं દ્રવ્ય લાભ ૧૦, ॠं પીડા ૧૧, ऌं શુભ ૧૨, ॡं વ્યાધી ૧૩, एं સિદ્ધિ ૧૪, ऐं અશુભ ૧૫, ओं અર્થલાભ, ૧૬, औं અર્થ હાની ૧૭, अं બહુ પીડા ૧૮, अः સુખ ૧૯, कं લાભ ૨૦, खं અશુભ ૨૧, गं શુભ ૨૨, घं સિદ્ધિ ૨૩, ङं સંતાપ ૨૪, चं વિજય ૨૫, छं અર્થ લાભ ૨૬, जं હાની ૨૭, झं લાભ ૨૮, ञं અશુભ ૨૯, टं લાભ ૩૦, ठं સુખ ૩૧, डं લાભ ૩૨, ढं ચિંતા ૩૩, णं શુભ ૩૪, तं શુભ ૩૫, थं સિદ્ધિ ૩૬. दं અશુભ ૩૭, घं શુભ ૩૮, नं કલ્યાણ ૩૯, पं નાશ ૪૦, फं લાભ ૪૧, बं શોક ૪૨, भं લાભ ૪૩, मं શુભ ૪૪, यं યશ ૪૫, रं ભય ૪૬, लं શુભ ૪૭, वं નાશ ૪૮, शं સિદ્ધિ ૪૯, षं સંપત્તિ ૫૦, सं નિષ્ફળ ૫૧, हं શુભ ૫૨, ळं મધ્યમ ૫૩, क्षं આરોગ્ય સુખ ૫૪, ઇતિ સત્યરૂપ શુકનાવળી.

પલ્લી એટલે અંધિચીચી અને શરડનો વિચાર.

પલ્લી ઉપરના અંગથી નીચે ઉતરે તો સારૂં. કાકીડો નીચેથી ચડે તો સારૂં. તેથી વિપરીતે અશુભ સમજવું. પુરૂષનું જમણું અંગ સારૂં, સ્ત્રીનું ડાબું અંગ સારૂં. તેથી વિપરીતે અશુભ છે.

મસ્તક	રાજ્યપ્રાપ્તિ.	કમર	શુભ.
કપાલ	બંધુમેલાપ.	બે હાથ	વસ્ત્રલાભ.
ભ્રકુટી	રાજ્યમાન.	બે ખભા	જય.
ઉ, હોઠ	ધનક્ષય.	નાભી	ધનલાભ.
ની, હોઠ	ઐશ્વર્ય.	ઉરૂ	વાહનલાભ.
નાક	વ્યાધિ દુઃખ.	બે મણીબંધ	ધનનાશ.
જં, કાન	આયુસુખ.	નખ	ધનલાભ.
ડા, કાન	ભય બહુ.	મુખ	મિષ્ટાન્ન ખાવું.
નેત્ર	બંધન.	ગુલ્ફ	બંધન.
જં, ભુજ	રાજ્યમાન.	કેશ	મરણ.
ડા, ભુજ	રાજ્યભય.	જમણો પગ	માર્ગ કરે.
કંઠ	શત્રુભય.	ડાબો પગ	ભાઈયોમાં ક્લેષ.
સ્તન	ભાગ્યમંદ.	પગ મધે	સ્ત્રીનાશ.
ઉદર	સુખ.	પગ તલ.	કષ્ટ, આપદા.
પિઠ	બુદ્ધિનાશ.	લીંગાદિ	સ્ત્રીલાભ, પુરૂષલાભ.

ગ્પલ્લી અને શરડના સ્પર્શમાત્રથી સ્નાન કરવું, પંચગવ્યનું પાન કરવું, ઘૃતપાત્રમાં મુખ જોઇ દાન કરવું. અતિ અશુભ હોય તો તેના આકાર પ્રમાણે સુવર્ણની પ્રતિમા કરવી. રાતાં વસ્ત્રમાં લપેટી કલશોપરી રૂદ્ર પૂજન મૃત્યુંજયનો જપ અને તીલ ઘૃતાદિકેથી ૧૦૮ વાર વ્યાહૃતિમંત્ર વડે આહુતી દેવી. ખેરના શમીધમાં સુવર્ણ વસ્ત્ર ઘૃત તીલનું દાન કરવું. દેવમંદિરમાં દીપક બાળવો. આ મત પણ ધર્મસિંધુનો છે. ઇતિ પલ્લીપતનશાંતિ સંપૂર્ણ.


પ્રથમ ઋતુવિશે વિચાર.

